| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૬/૦૭/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૨૬/૦૭/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | |

<u>રાણપુરના મહે.ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ), તાલુકો–રાણપુર, જીલ્લો–બોટાદના ન્યાયાલયમાં</u>

<u>શ્રી એચ. એચ. પટેલ–ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)</u>

**ફોજદારી કેસ નં.૮૬૯/૨૦૨૨**

**આંક:–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી:–(૧) વિષ્ણુભાઈ રાયભલભાઈ બગોદરીયા.**
**(૨) રાહુલભાઈ રાયભલભાઈ બગોદરીયા.**
**(૩) ઘનશ્યામભાઈ હેમુભાઈ બગોદરીયા.**
**(૪) રણજીતભાઈ મગનભાઈ બગોદરીયા.**
**(૫) ગૌતમભાઈ જગદીશભાઈ બગોદરીયા.**
**(૬) દીનેશભાઈ હરજીભાઈ બગોદરીયા.**
તમામ રહે. બરાનીયા, તા.રાણપુર, જી.બોટાદ

**<u>ગુન્હો :–ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ....</u>**

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એસ. રાઠોડ**

**આરોપી તરફે વિ.વ.શ્રી એન. જી. વસોયા**

## // ચુકાદો //

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે ગઈ તા.૨૯/૩/૨૨ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બરાનીયા ગામે આ કામના આરોપી નં.૧ નાઓએ ફરીયાદી ના ભાણેજ કીશનભાઈને ધોલ મારતા આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપી નં.૧ ને તેનો ઠપકો આપવા જતા આ કામના તમામ આરોપીઓએ ગે.કા. મંડળી રચી હાથમા પ્રાણ ઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદીને ડાબા હાથે ફેકચરની ઈજા કરી તથા સાહેદ હસમુખભાઈને માથામા ભાગે ઈજા કરી ટાંકા લાવી તથા સાહેદ મહેન્દ્રભાઈ ને ડાબા જડબાના ભાગે મુઢ ઈજા કરી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મે.અધિક જિલ્લા મેજી. સાહેબ, બોટાદના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧ ૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.I-200/2022 થી જાહેર કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અન્તે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

૨) આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને કી.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. અને આંક :–૪ થી તહોમતનામું ઘડી આરોપીઓની પ્લી આંક:–૫ થી ૧૦ થી લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી હાજર થયા છે.

૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

### –: મૌખિક પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગીરીશભાઈ ગીરધરભાઈ જેજરીયાની જુબાની | ૩૧ |

| | | |
|---|---|---|
| ૨ | સાહેદ મહેન્દ્રભાઈ હસમુખભાઈ જેજરીયાની જુબાની | ૩૩ |
| ૩ | સાહેદ મેહુલભાઈ પ્રભુભાઈ જેજરીયાની જુબાની | ૩૪ |
| ૪ | સાહેદ પંકજભાઈ હેમુભાઈ જેજરીયાની જુબાની | ૩૫ |
| ૫ | સાહેદ ક્રીશનભાઈ દીલીપભાઈ જેજરીયાની જુબાની | ૩૬ |
| ૬ | સાહેદ હસમુખભાઈ નાનજીભાઈ જેજરીયાની જુબાની | ૩૭ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૨ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૩૮ |
| ૩ | આરોપીઓનુ અટક પંચનામું | ૩૯–૪૦ |
| ૪ | એમ.એલ.સી. સર્ટી. | ૪૧–૪૭ |
| ૫ | જાહેરનામું | ૪૮ |
| ૬ | કલોર્જીગ પુરશીશ | ૪૯ |
| ૭ | એફ.એસ. ન નોંધવાની પુરશીશ | ૫૦ |

૪) આ કામે બંને પક્ષકારોએ આંક–૩૦ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે જેમા બન્ને પક્ષકારોને સ્વેછિકતાની ખરાઈ કરી ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતો સમાધાન રેર્કોડેડ કરી આરોપીઓને ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતુ નિર્દોષ ઠરાવેલ અને ઈ. પી. કો. કલમ–૩૨૪, ૫૦૬(૨),૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ પુરતુ કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે. આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષ ઘ્વારા પોતાના કેસના સમર્થનમા સાક્ષીઓને તપાસવામાં આવેલા છે. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો પડતો ન હોવાથી આરોપીઓ દવારા આંક–૫૦ થી પુરશીશ આપી ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધાવવા માં ગતાં ન હોવાથી આરોપીઓનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોં ધવામાં આવેલ નથી.

૫) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૪ મુજબ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડ ની તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) આ કેસના નિકાલ સારુ મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૯/૩/૨૨ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બરાનીયા ગામે આ કામના આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના ભાણેજ કીશનભાઈને ધોલ મારતા આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપી નં.૧ ને તેનો ઠપકો આપવા જતા આ કામના તમામ આરોપીઓએ ગે.કા. મંડળી રચી હાથમા પ્રાણ ધાતક હથિયારો ધારણ કરી ફરીયાદીને ડાબા હાથે ફેકચરની ઈજા કરી તથા સાહેદ હસમુખભાઈને માથામા ભાગે ઈજા કરી ટાંકા લાવી તથા સાહેદ મહેન્દ્રભાઈ ને ડાબા જડબાના ભાગે મુઢ ઈજા કરી ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મે.અધિક જિલ્લા મેજી. સાહેબ, બોટાદના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી. કો. કલમ–૩૨૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨ શું હુકમ ?

૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ અનુસાર

૮) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણય માટેના કારણો :–**

**મુદ્દા નં.૧ અને ૨.**

૯) આ કામે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા તેઓએ આંક–૩૦ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે જેના હેઠળ હુકમ કરી આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪ પુરતુ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવેલ

અને બીજા આક્ષેપો સમાધાનપાત્ર ન હોવાથી હાલનો કેસ આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૩૨૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબ આગળ ચલાવવામા આવે છે. જેથી ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામે ઈ. પી.કો. કલમ–૩૨૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબની અગત્યની હકીકતો નિશાંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી ઈ.પી.કો. કલમ–૩૨૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એકટની કલમ –૧૩૫ ની સંલગ્ન વ્યાખ્યાઓને ધ્યાને રાખવી અતી આવશ્યક અને જરૂરી જણાય આવે છે.

૯.૧) આ કામે ઈ.પી.કો. કલમ–૩૨૪ માં એ સજાની જોગવાઈ છે અને તેનો ગુનો સમજવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતી આવશ્યક છે જરૂરી બને છે.

**"IPC Section 324 deals with Voluntarily causing hurt by dangerous weapons or means which says that** Whoever, except in the case provided for by Section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both"

હવે શુ આરોપી દવારા કહેવાતુ કુત્ય ઉપરોકત ગુનાની વ્યાખ્યાના વ્યાપમાં આવે કે કેમ તે આ કામે રજુ રખાયેલ પુરાવાથી ચકાસવુ પડે.

ફરીયાદપક્ષે આંક–૩૧ થી ફરીયાદી ગીરીશભાઈ તથા આંક–૩૩ થી મહેન્દ્રભાઈ તથા આંક–૩૪ થી મેહુલભાઈને તથા આંક–૩૫ થી પંકજભાઈને તથા આંક–૩૬ થી કીશનભાઈને તથા આંક–૩૭ થી હસમુખભાઈને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા સાંજ ના સમયે કીશનભાઈ તળાવમા સમચો હોય જેથી ત્યા ગયેલા હતા ત્યા છોકરાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ફરીયાદી તળાવમા ગયેલો ત્યા વિષ્ણુભાઈ રાયભણભાઈ તથા રાહુલભાઈ રાયભણભાઈ તથા ઘનશ્યામભાઈ હેમુભાઈ તથા રણજીતભાઈ મગનભાઈ હાજર હતા તેમજ મહેન્દ્રભાઈ હસમુખભાઈ તથા હસમુખભાઈ નાનજીભાઈ જેજરીયા તથા મેહુલભાઈ પ્રભુભાઈ તથા પંકજભાઈ હેમુભાઈ પણ મારી સાથે હતા તે દરમયાન ફરીયાદપક્ષને છોકરાઓ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. ફરીયાદીને અને આ કામના આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલુ છે અને ફરીયાદી આ કામે કોઈ વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતા નથી. વધુમાં તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે આરોપીએ અમોને કોઈ ગાળો આપેલ નથી કે હથિયારો વડે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપી મારા પાડોશી હોય તેઓ તેમને ઓળખુ છુ તેમજ વધુમા સ્વીકાર કરે છે કે ઘણુ માણસો ભેગુ થઈ જતા ધકકા મુકી થતા તળાવમા પથ્થરો પર પડી જવાથી ઈજા થયેલી જેની સારવાર લીધેલી તેમજ અમારે અને આ કામના આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે.

આમ, આ કામે ફરીયાદીના કેસને ફરીયાદી તેમજ સાહેદો ફરીયાદને બીલકુલ સમર્થન આપતા ન હોય તેમજ ફરીયાદી તથા સાહેદની જુબાની અને

ફરીયાદનો ખુબ જ મોટો વિરોધાભાસ ઉત્પન્ન થાય છે.

જેથી હાથ પરના કેસમાં ફરીયાદી ખુદ એ હકિકતને સ્વીકૃતી આપેલ છે કે આ કામના આરોપીઓએ તેઓને કોઈ પણ જાતના ઘાતક હથિયાર વડે ઈજા પંહોચાડેલ નથી જેથી આરોપીઓ સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૪ મુજબના ગુન્હાનો આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને ઈ.પી.કો. કલમ–૩૨૪ મુજબની ગંભીર ઈજા પંહોચાડેલ છે તે પડેલ પુરાવા અને ફરીયાદીની જુબાનીથી ફલીત થતુ નથી. આમ, ફરીયાદીની સ્વિકૃતી સ્વરૂપની જુબાનીથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકિકત ખુલવા પામતી નથી.

**૯.૨)** વધુમાં આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ ના આરોપો છે.

**"IPC Section 143 says that** Whoever is a memer of an unlawful assembly, shall be punished with imprisonment."

**"IPC Section 147 says that** Whoever is guilty of rioting, shall be punished with imprisonment."

**"IPC Section 148 says that** Whoever is guilty of rioting, being armed with a deadly weapon or with anything which, used as a weapon of offence, is likely to cause death, shall be punished with imprisonment."

**"IPC Section 149 says that** if an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be committed in prosecution of that object, every person who, at the time of the committing of that offence, is a member of the same

assembly, is guilty of that offence."

ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી અને સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો જણાય છે કે આરોપીઓએ કોઈ ગેરકાયદેસર મંડળી રચી હોય તેવો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તે મંડળી રચીને સમાન ઉદેશ સાથે આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને કોઈ હથિયાર વડે માર મારેલ કે મારી નાખવાની ધમકી કે કોઈ ગાળો આપેલ તેવુ એક પણ નજરે જોનાર ઈજા પામનાર સાહેદોએ જણાવેલ નથી. તેમજ ફરીયાદપક્ષે આંક–૩૦ થી સમાધાન પુરશીશ આપેલ હોય પરતુ આ ગુનાઓ સમાધાનપાત્ર ન હોવાથી આ ગુનાઓ પુરતુ સમાધાન નાંમંજુર રાખી આ કલમ પુરતો ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ. પરતુ હાલના ચુકાદાના તબકકે આંક–૩૦ વાળી સમાધાન પુરશીશને એકદમ નંજર અંદાજ કરી શકાય તેમ નથી કારણ કે ફરીયાદપક્ષે આંક–૪૯ થી કલોજીગ પુરશીશ પણ આપેલ છે. જેથી ફરીયાદપક્ષ ઉપર મુજબની જોગવાઈઓ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ હેઠળનો ગુન્હો નિ:શં કપણે પુરવાર થતો નથી.

૯.૩) ઈ.પી.કો.કલમ ૫૦૬(૨)ના ગુન્હાને સમજવા માટે તેની વ્યાખ્યા ગુનાહીત ધમકી, ઈ.પી.કો.કલમ ૫૦૩ વંચાણે લેવી જરૂરી બને છે.

"Criminal intimidation.—Whoever threatens another with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the

execution of such threat, commits criminal intimidation.

ઈ.પી.કો.કલમ ૫૦૬(૨)ના ગુન્હાને સમજવા માટે તેની વ્યાખ્યા ગુનાહીત ધમકી, ઈ.પી.કો.કલમ ૫૦૩ વંચાણે લઈ સાથે ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) ના કલોઝને વંચાણે લેવી જરૂરી બને છે. **"If threat be to cause death or grievous hurt, etc.-** And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any propertyby fire, or to cause an offence punishable with death or 2[imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute, unchastity to a woman, shall be punished with imprisonmentof either description for a term which may extend to seven years, or with fine, or with both.

આ કામે ફરીયાદ પક્ષનો એવો કેસ છે કે બનાવના દીવસે આરોપીઓએ ફરીયાદી સાથે ઝઘડો કરી ગાળો આપી હથિયારો વડે શરીરે અલગ અલગ જગ્યાએ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. હવે ફરીયાદપક્ષે આરોપીઓને દોષી ઠરાવવુ હોય તો એમ પુરવાર કરવુ પડે કે, આરોપીઓએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને તેના કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ અને આરોપીઓ પાસે પ્રતિબંધિત હથિયારો પણ પુરવાર કરવા પડે.

ફરીયાદપક્ષે આંક–૩૧ થી ફરીયાદી ગીરીશભાઈ તથા આંક–૩૩ થી મહેન્દ્રભાઈ તથા આંક–૩૪ થી મેહુલભાઈને તથા આંક–૩૫ થી પંકજભાઈને તથા આંક–૩૬ થી કીશનભાઈને તથા આંક–૩૭ થી હસમુખભાઈને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા સાંજ

ના સમયે કીશનભાઈ તળાવમા સમયો હોય જેથી ત્યા ગયેલા હતા ત્યા છોકરાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ફરીયાદી તળાવમા ગયેલો ત્યા વિષ્ણુભાઈ રાયભણભાઈ તથા રાહુલભાઈ રાયભણભાઈ તથા ઘનશ્યામભાઈ હેમુભાઈ તથા રણજીતભાઈ મગનભાઈ હાજર હતા તેમજ મહેન્દ્રભાઈ હસમુખભાઈ તથા હસમુખભાઈ નાનજીભાઈ જેજરીયા તથા મેહુલભાઈ પ્રભુભાઈ તથા પંકજભાઈ હેમુભાઈ પણ મારી સાથે હતા તે દરમયાન ફરીયાદપક્ષને છોકરાઓ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. ફરીયાદીને અને આ કામના આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલુ છે અને ફરીયાદી આ કામે કોઈ વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતા નથી. વધુમાં તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે આરોપીએ અમોને કોઈ ગાળો આપેલ નથી કે હથિયારો વડે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ આરોપી મારા પાડોશી હોય તેઓ તેમને ઓળખુ છુ તેમજ વધુમા સ્વીકાર કરે છે કે ઘણુ માણસો ભેગુ થઈ જતા ધકકા મુકી થતા તળાવમા પથ્થરો પર પડી જવાથી ઈજા થયેલી જેની સારવાર લીધેલી તેમજ અમારે અને આ કામના આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ બનાવવાળી જગ્યાનુ પંચનામાને આંકે પાડવા સામે વાંધો ન હોવાની હકીકત જણાવતા સદરુ પંચનામાને આંક–૩૮ આપવામા આવેલ તેમજ આરોપીઓના અટક પંચનામાને આંકે પાડવા સામે વાંધો ન હોવાની હકીકત આરોપીના વકીલ શ્રી જણાવતા સદરુ પંચનામાને આંક–૩૯ થી ૪૦ આપવામા આવેલ. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ મેડીકલ સર્ટીફીકેટોને આંકે પાડવા સામે વાં ધો ન હોવાની હકીકત જણાવતા સદરુ મેડીકલ સર્ટીફીકેટોને આંક–૪૧ થી ૪૭ આપવામા આવેલ. આ કામે રજુ આ તમામ દસ્તાવેજો ફરીયાદપક્ષને કોઈપણ રીતે આરોપીઓને દોષી ઠરાવવા સારૂ મદદરૂપ થતા નથી. ત્યારબાદ ફરીયાદી તેમજ

આરોપીઓએ આંક–૪૯ થી કલોઝીગ પુરશીશ તેમજ આરોપીએ આંક–૫૦ થી સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ આરોપીઓનુ વિશેષ નીવેદન નહી નોઘવા અંગે પુરશીશો આપેલ.

હવે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક પુરાવા જોઈને ફલિત થાય છે કે, ઈજા પામનાર, ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદ પોતાના સોગંદ પરની જુબાનીમાં _આરોપીઓએ જાનથી મારી નાંખીશ તેમ કહેલ હોવાની હકીકત જણાવેલ નથી અને એમ પણ જણાવેલ નથી કે, આવી ઘમકીના કારણે કારણે તેઓ સતત ભયના ઓથાર હેઠળ પોતાનુ જીવન નિર્વાહ વ્યતિત કરેલ_. ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા જેને ઘમકી આપવામાં આવેલ હોય તેને વ્યાજબી ઘાસતી હોવી જોઈએ પરંતુ આ કામે કોઈ ઘમકી જ આપેલ ના હોય તો તેના કારણે ઘાસતી રહેવાનુ  કે પુરવાર કરવાનુ રહેતુ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબના અગત્યના આક્ષેપો નિ:શંકપણે શંકાથી પર પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.

૯.૪) વઘુમાં આ કામે  આરોપી સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે.

''કલમ–૩૭, ૩૯ અથવા ૪૦ મુજબના નિયમોની કે હુકમના ભંગ માટે આ કલમ શિક્ષા ઠરાવે છે, હથિયાર ભેગા કરવા, બુમો પાડવી પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો, પુજા વ.ઘાર્મિક ઉત્સવો સમયે વ્યવસ્થાના નિયમોનો ભંગ કરવો એ શિક્ષાપાત્ર છે જે કલમ ૩૭ મુજબના આદેશોનો ભંગ કરવો તેથી પોલીસ અધિકારનો ગુનો બને છે.''

આ કામે જાહેરનામાંને આરોપીના વિ.વ.શ્રીએ આંકે પાડવા સારૂ વાંઘો ન હોવાનુ જણાવતા તેને આંક–૪૮ આપવામા આવેલ. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક

અને દસ્તાવેજી પુરાવાથી જાહેરનામાંની જાણ પ્રતિબંધિત વિસ્તારોમાં નગરાભેર બોલીને કે અન્ય કોઈ રીતે લોકોને જાણ કરેલ હોય તે સાબિત થતુ નથી તેમજ ફરીયાદપક્ષના સાહેદો એમ પણ જણાવતા નથી કે, કયા આરોપીના હાથમાં જાહેરનામાથી પ્રતિબંધિત કયા હથિયારો હતા. જેથી આ કામે આરોપી પર જી.પી.એકટની કલમ−૧૩૫ મુજબના તથ્યો લાગુ પડતા નથી અને આરોપીઓ પર હાલના કામે જી.પી.એકટની કલમ−૧૩૫ મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.

૯.૫) ફરીયાદપક્ષની જવાબદારી છે કે, તેમણે આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલા આક્ષેપો સ્પષ્ટ રીતે અને આ અદાલત તેના ઉપર વિશ્વાસ કરી શકે તે રીતે પુરવાર કરવા જોઈએ, પણ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ રહેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ સમગ્ર પુરાવો જોતા તે ખામીયુકત, તૃટી યુકત અને શંકા પ્રેરે તેવો છે જેથી આ અદાલત આવા પુરાવા ઉપર વિશ્વાસ કરી શકે તેમ નથી અને આવા સંજોગોમાં લાભ હંમેશા આરોપીપક્ષે જાય છે.

૯.૬) આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે અગત્યાના આક્ષેપોની મુળભુત હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી તે સંજોગોમાં માત્ર દસ્તાવેજ પુરાવો ધ્યાને લઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા અને કરવામાં આવેલ સમગ્ર ચર્ચાનુંસાર ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલા ન હોવાના કારણે મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

(૧) આરોપી નં.**(૧) વિષ્ણુભાઈ રાયભલભાઈ બગોદરીયા. (૨) રાહુલભાઈ રાયભલભાઈ બગોદરીયા. (૩) ઘનશ્યામભાઈ હેમુભાઈ બગોદરીયા. (૪) રણજીતભાઈ મગનભાઈ બગોદરીયા. (૫) ગૌતમભાઈ જગદીશભાઈ બગોદરીયા. (૬) દીનેશભાઈ હરજીભાઈ બગોદરીયા.** તમામ રહે. બરાનીયા, તા.રાણપુર, જી.બોટાદ નાઓને સી. આર. પી. સી. એકટ ૧૯૭૩ની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૩૨૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તમામ આરોપીઓને તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ આંક-૩૦ નીચે હુકમ કરી ઈ.પી.કો.કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ પાવતી મુજબના મુદ્દામાલ નો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે પ્રેત્યેક આરોપીઓ એ રૂ.૫૦૦૦/-ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી.ની કલમ:૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજરોજ તા.૨૪ મી, માહે-માર્ચ, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ : રાણપુર

[ એચ. એચ. પટેલ]
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ
રાણપુર
Code-GJ01722